# ચેપ્ટેર-2 જૂથ અને સામાજિક આંતરક્રિયાઓ :

**અર્થ :**

(૧) કોઈપણ પ્રકારના હેતુ સાથે કે હેતુ વિના અમુક સ્થળે બેઠેલા, ચાલતા કે એકત્રિત થયેલા લોકોનો સમૂહ એટલે જૂથ. જેમ કે પ્લેટફોર્મ ઉપર ઉભા રહેલા લોકોનો સમૂહ, ચોપાટી પર બેઠેલા લોકોનો સમૂહ વગેરે. અહીં શારીરિક નિકટતા એ મહત્વનું લક્ષણ છે.

(૨) ચોક્કસ પ્રકારના બંધારણ ધરાવતા સંગઠનના સભ્યપદ ધરાવતા લોકોના સમૂહ માટે પણ જૂથ શબ્દનો ઉપયોગ થાય છે. જેમ કે, કુટુંબ, જ્ઞાતિ , કોલેજ,વગેરે. અહીં જૂથના સભુઓ પોતાના જૂથ પરત્વે વફાદારી તેમેજ આત્મીયતાની લાગણી ધરાવે છે.

(૩) સમાન લક્ષણ કે લેબલ ધરાવતા લોકોના સમૂહ માટે જૂથ શબ્દ વપરાય છે. જેમ કે, કાળાબજારીયાઓનું જૂથ, કરચોરી કરનાર લોકોનું જૂથ. આવા જૂથના લોકો એકબીજાને ભાગ્યે જ ઓળખાતા હોય છે.

આ ત્રીજા પ્રકારના જૂથને મનોવૈજ્ઞાનિક જૂથમાં સ્વીકાર થતો નથી. કા.કે આ જુથમાં આંતરક્રિયાનો અભાવ હોય છે. જયારે પ્રથમ અને બીજા પ્રકારના અર્થને સ્વીકારવામાં આવે છે.

## જૂથની વ્યાખ્યાઓ :

(૧) **કિમ્બલ યંગ :** "બે કે તેથી વધુ વ્યક્તિઓ આંતર્ક્રિયાનો સંબંધ કે વ્યવસ્થા ધરાવતા હોય તો તેને જૂથ કહી શકાય."

(૨) **બેરન અને બાયર્ન** : "જૂથ એ સહકારયુક્ત પરસ્પર અવલંબી સંબંધો ધરાવતી વ્યક્તિઓનો સમુદાય છે."

(૩) **બી, કુપ્પુસ્વામી** : "જૂથ એ વ્યક્તિઓનો એવો સમૂહ છે કે જેમાંથી વ્યક્તિઓ એકબીજા સાથે પરસ્પર આધારિત એવા સહકારી સંબંધો ધરાવે છે."

(૪) **બોનર** : "જૂથ એ પારસ્પરિક ક્રિયા-પ્રતિક્રિયાઓ કરતી વ્યક્તિઓની એકતા છે."

(૫) **લિન્ડગ્રેન** : "બે કે તેથી વધુ વ્યક્તિઓ કાર્યાત્મક સંબંધોમાં જોડાયેલી હોય ત્યારે જૂથ બને છે."

### મનોવૈજ્ઞાનિક જૂથ :

ક્રુચ, ક્રુચફિલ્ડ અને બેલાચી જૂથને મનોવૈજ્ઞાનિક જૂથ કહે છે, જેમાં મુખ્યત્વે બે શરતો છે :

(૧) જૂથના સભ્યો વચ્ચેના સબંધો પરસ્પર અવલંબી હોય અથવા દરેક સભ્યનું વર્તન બીજા સભ્યના વર્તનને અસર કરતુ બને.

(૨) જૂથના સભ્યોના પારસ્પરિક વર્તનને નિયંત્રિત કરનારા મુલ્યો, ધોરણો અને માન્યતાઓના સમુચ્ચ્યની બનેલી એક વિચારસરણીમાં તેઓ સહભાગી બને.

**સમજુતી :**

(૧) જૂથ એ બે કે તેથી વધુ વ્યક્તિઓનું બનેલું એક સામાજિક એકમ છે.

(૨) જૂથના સભ્યો એકબીજા સાથે ચીક્કાસ પ્રકારની આંતર ક્રિયા કરે છે.

(3) જુથમાં તેના સભ્યોના ચોક્કસ પ્રકારના સ્થાન (સામાજિક દરજ્જા) તેમજ તેમની ભૂમિકાઓ નિશ્ચિત હોય છે.

(4) જૂથના સભ્યોના વર્તનના નિયમન માટે જૂથને પોતાના મુલ્યો અને ધોરણો હોય છે.

## જૂથના લક્ષણો :

(1) સામાજિક એકમ
(2) સમાન ઉદ્દેશો અને હેતુઓ
(3) સામાજિક આંતરક્રિયા
(4) દરજ્જો અને ભુમિક-સંબંધો
(5) મુલ્યો અને ધોરણો

(૬) વર્તનનું નિયંત્રણ
(૭) નિશ્ચિત કદ
(8) સમાન કેન્દ્ર કે આકર્ષણ
(9) તાદાત્મ્યનો ભાવ ("અમે"ની ભાવના)
(૧૦) નેતૃત્વ

## જૂથના પ્રકારો :

(1) પ્રત્યક્ષ જૂથ અને પરોક્ષ જૂથ
(2) પ્રાથમિક જૂથ અને ગૌણ જૂથ
(3) સ્વકીય જૂથ અને પરકીય જૂથ
(4) ઔપચારિક જૂથ અને અનૌપચારિક જૂથ
(5) સુસંગઠિત જૂથ અને અવ્યવસ્થિત જૂથ
(6) સર્વસ્પર્શી જૂથ અને અંશસ્પર્શી જૂથ
(7) આકસ્મિક જૂથ અને હેતુલક્ષી જૂથ
(8) ખુલ્લા જૂથ અને માર્યાદિત જૂથ

## (૧) પ્રત્યક્ષ જૂથ અને પરોક્ષ જૂથ :

**પ્રત્યક્ષ જૂથ :**

અહીં મોઢા મોઢનો અને પ્રત્યક્ષ સંમ્બંધ હોય છે. તેમજ સભ્યો એકબીજાથી પરિચિત હોય છે. આવા જૂથોમાં સભ્યો વચ્ચે વિચાર, વાણી અને આદર્શોની પરસ્પર આપ-લે થતી હોય છે. સભ્યો વચ્ચે એક પ્રકારનું સહઅસ્તીત્વ હોય છે. કુટુંબ, ગ્રામસમાજ, મિત્ર વર્તુળ, વિદ્યાર્થીઓનું મંડળ વગેરે પ્રત્યક્ષ જૂથના દષ્ટાંતો છે. પ્રત્યક્ષ જૂથના સભ્યો વચ્ચે ઘનિષ્ઠ અને આત્મીય સબંધો હોય છે.

**પરોક્ષ જૂથ :**

આનાથી વિરુદ્ધ પ્રકારના જૂથને પરોક્ષ જયથ કહેવામાં આવે છે. પરોક્ષ જૂથના સભ્યો વચ્ચે મોઢા મોઢાનો અને આત્મીય સબંધ હોતો નથિપરોક્ષ જૂથોની માન્યતાઓ, વિચારો, અભિપ્રાયો વગેરેમાં સામ્ય હોય છે. ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ, અમુક લેખકનો વાચક વગેરે પરોક્ષ જૂથના દષ્ટાંતો છે.

**તફાવત :**

પ્રત્યક્ષ જ્યથમાં પ્રત્યક્ષ અને નિકટનો સબંધ હોવાથી સભ્યો એકબીજાને વારંવાર મળતા રહે છે, કરણ કે તેમની વચ્ચે નિકટતાનો સબંધ હોય છે.

પરોક્ષ જુથમાં પ્રત્યક્ષ સંપર્કનો અભાવ હોય છે. સભ્યો એકબીજાથી પરિચિત હોતા નથી. તેઓ એકબીજાને અવારનવાર મળતા નથી. તેઓ વચ્ચે વર્તમાન પત્રો, મેગેઝીન કે પત્રો દ્વારા સંપર્ક થતો હોય છે. પરોક્ષ જૂથના સભ્યો દુર દુર સુધી વિસ્તરેલા હોવાથી એકબીજાને મળી શકતા નથી. પત્ર

મિત્રો કે ફેસબુક પરના મિત્રો પરોક્ષ જૂથ ગણાય. આ અર્થમાં પ્રાથમિક જૂથ એ પ્રત્યક્ષ જૂથ ગણાય અને ગૌણ જૂથ એ પરોક્ષ જૂથ ગણાય.

**(૧) પ્રાથમિક જૂથ અને ગૌણ જૂથ** :

સી. એચ. કૂલેએ તાદાત્મ્યને આધારે જૂથના બે પ્રકારો દર્શાવ્યા છે. : (1) પ્રાથમિક જૂથ અને (૨) ગૌણ જૂથ.

**(૧) પ્રાથમિક જૂથ :**

જે જૂથના સભ્યો વચ્ચે પ્રત્યક્ષ અને અત્યંત નિકટનો સબંધ હોય છે તેમજ જૂથના સભ્યો વચ્ચે આત્મીયતાનું પ્રમાણ વધારે હોઉં તે જૂથને પ્રાથમિક જૂથ કહે છે. પરસ્પર સહકાર, સહાનુભુતિ, પ્રત્યક્ષ સબંધ અને ઉત્કટ લાગણી ધરાવતા તેમજ "અમેની ભાવના" ધરાવતા જૂથને પ્રાથમિક જૂથ કહે છે. કુટુંબ, મિત્ર મંડળ, પડોશ, ગ્રામસમાજ વગેરે આ જૂથના ઉદાહરણો છે.

**પ્રાથમિક જૂથના મહત્વના લક્ષણો આ પ્રમાણે છે.** : (૧) સમાન ઈચ્છાઓ અને અભીરીચી (૨) સબંધોમાં સ્વાભાવિકતા (૩) વૈયક્તિક સબંધ (૪) સહકારની પ્રબળ લાગણી (૫) એકતા અને સલામતીની લાગણી (૬) મહત્તમ નિયંત્રણ અને (૭) સભ્યો વચ્ચેનો પરસ્પર સબંધ એ જ મુખ્ય ઉદ્દેશ

**(2) ગૌણ જૂથ :**

જે જૂથના સભ્યો વચ્ચે પરોક્ષ અને ઓછા નિકટનો સબંધ હોય તેમજ જૂથના સભ્યો વચ્ચે આત્મીયતાનું પ્રમાણ ઓછું હોય તે જૂથને ગૌણ જૂથ કહે છે. અહીં મોઢા મોઢનો સબંધ હોતો નથી અને વૈયક્તિક સબંધ પણ ઓછા હોય છે. શૈક્ષણિક સંસ્થા,વ્યવસાયિક જૂથ, રાજકીય જૂથ, ધાર્મિક જૂથ વગેરે ગૌણ જૂથના ઉદાહરણો છે. .

**ગૌણ જૂથના લક્ષણો :**

(૧) મોટું કદ (૨) ઔપચારિક સબંધ (૩) અપ્રત્યક્ષ સબંધ (૪) કરાર્યુક્ત સબંધ (૫) વિશિષ્ઠ હેતુ (૬) ઘનિષ્ઠતા અને અહમના સમાવેશનનો અને (૭) માર્યાદિત જવાબદારીઓ.

**(૩) સ્વકીય જૂથ અને પરકીય જૂથ :**

આપણે લોકોને પોતાના અને પારકા એમ બે વર્ગોમાં વહેંચીએ છીએ. સમનરે આ દ્રષ્ટીબિંદુને આધારે જૂથના સ્વકીય અને પરકીય જૂથ એવા બે પ્રકારો દર્શાવ્યા છે.

**સ્વકીય જૂથ :** જે જૂથના સભ્યો પરત્વે વ્યક્તિ તાદાત્મ્યની કે પોતાપણાની લાગણી ધરાવતી હોય તે જૂથને સ્વકીય જૂથ કહેવામાં આવે છે. કુટુંબ, જ્ઞાતિ, ધર્મ વગેરે સ્વકીય જૂથના ઉદાહરણો છે.સ્વકીય જુથમાં સભ્યો વચ્ચે વિધાયક પ્રકારની આંતરક્રિયા થાય છે.

**પરકીય જૂથ :** જે જૂથના સભ્યો પરત્વે વ્યક્તિ તાદાત્મ્ય ધરાવતી નથી, પરંતુ વિરોધી વલણો ધરાવે છે તેને પરકીય જૂથ કહેવામાં આવે છે. વ્યક્તિ પરકીય જૂથના સભ્યો પરત્વે શંકા-કુશંકા, અણગમો, ધિક્કાર અને પૂર્વગ્રહો ધરાવે છે.

સ્વકીય જૂથ અને પરકીય જૂથ એ બંને સાપેક્ષ જૂથો છે. દા.ત. ગોરાઓ અને હબસીઓ. ગોરાઓ માટે ગોરાઓનું જૂથ સ્વકીય જૂથ છે. જયારે હબ્સીઓનું જૂથ પરકીય જૂથ છે, જયારે બીજી બાજુ હબસીઓ માટે હબસીઓનું જૂથ સ્વકીય જુથ્છે. છે અને ગોરાઓનું જૂથ પરકીય જૂથ છે. આ જ રીતે હિંદુઓ અને મુસ્લિમો, મુડીવાદી અને સામ્યવાદી, સવર્ણ અને પછાત – આ જૂથો પરસ્પર સ્વકીય અને પરકીય જૂથો છે.

**ઔપચારિક જૂથ અને અનૌપચારિક જૂથ :**

**ઔપચારિક જૂથ :**

જે જૂથોમાં વર્તન અંગેના ચોક્કસ નિયમો હોય તેને – સભ્યોનો દરજ્જો નિયમો મુજબ નક્કી – કોલેજે, રાજકીય જૂથ.

**અનૌપચારિક જૂથ :**

જે જુથમાં વર્તન અંગેના ચોક્કસ નિયમો હોતા નથી તે – ટ્રેનમાં એકત્રિત થયેલા મુસાફરો, ચર્ચામાં જોડાયેલા વિદ્યાર્થીઓ, હોટેલમાં બેઠેલા મિત્રો.

**(૫) સુસંગઠિત જૂથ અને અવ્યવસ્થિત જૂથ :**

**સુસંગઠિત જૂથ :**

જે જૂથ ચોક્કસ નિયમો કે ધારા ધોરણોથી બંધાયેલો તેમજ વ્યવસ્થિત અને નક્કી કરેલ હેતુ ધરાવતો હોય છે તે જૂથ – સ્કુલ, કોલેજ, રાજકીય પક્ષ વગેરે

**અવ્યવસ્થિત જૂથ :**

જે જુથમાં ચોક્કસ નિયમો કે ધારાધોરણો હોતા નથી – રસ્તા પર આકસ્મિક રીતે એકત્રિત થયેલા લોકો.

**(૬) સર્વસ્પર્શીય જૂથ અને અંશસ્પર્શીય જૂથ :**

**સર્વસ્પર્શીય જૂથ :** જે જુથમાં વ્યક્તિની તમામ જરૂરિયાતો સંતોષાય છે તેમજ તેના સમગ્ર વ્યક્તિત્વનો વિકાસ થતો હોય તે જૂથને – ગ્રામ્ય સમાજ

**અંશસ્પર્શીય જૂથ :** જે જુથમાં વ્યક્તિની અમુક જરૂરિયાતો સંતોષાય છે તેમજ તેના વ્યક્તિત્વના અમુક પાસાઓનો જ વિકાસ થાય છે તેને –શૈક્ષણિક સંસ્થા, વ્યવસાય મંડળો.

**(૭) આકસ્મિક જૂથ અને હેતુલક્ષી જૂથ :**

**આકસ્મિક જૂથ :** કોઈ પણ હેતુ વિના આકસ્મિક રીતે એકત્ર થયેલ લોક સમુદાયને આકસ્મિક જૂથ –રેલવે સ્ટેશન કે બસસ્ટેન્ડનો લોક

**હેતુલક્ષી જૂથ** : કોઈ ચોક્કસ હેતુની સિદ્ધિ માટે રચાયેલ જૂથને – શિક્ષક સંઘ, માજુએ મંડળ, રાજકીય પક્ષ, મનોરંજન ક્લબ.

**(8) ખુલ્લા જૂથ અને માર્યાદિત જૂથ :**

**ખુલ્લા જૂથ :** જે જૂથનું સભ્યપદ સરળતાથી પ્રાપ્ત થઇ શકતું હોય તે – રાજકીય જૂથ.

**માર્યાદિત જૂથ** : જે જૂથનું સભ્યપદ પ્રાપ્ત કરવું સહેલું નથી તે – ગુનેગારોની ટોળકી.